# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૬૬૯ તા. ૧૭/૦૧/૨૦૨૫

**પરિપત્ર-૩૬૨૦**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજમાં બી.એડ. સેમેસ્ટર-૪ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના (ન્યુ અને ઓલ્ડ કોર્સ) રેગ્યુલર અને પાર્ટ એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જણાવવામાં આવે છે. (રજી. પોસ્ટ/સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી)

| Examination | Fees | | | | Last date to fill-up exam form | Tentative date for annual lesson |
|---|---|---|---|---|---|---|
| | Exam Fees | Practical Fees | Form Fees | Total Fees | | |
| B.Ed. Semester-4 | 250 | 280 | 25 | 555 | 25/01/2025 | 03/02/2025 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪ પહેલા એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) જુના ERP (sggu.gipl.in) માં તથા ત્યારબાદ એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) નવા ERP (sgguerp.in)માં ભરવાના રહેશે.

(૨) **સંબંધિત કોલેજોએ પરીક્ષા આવેદનપત્રમાં વિદ્યાર્થીની જવાબની ભાષા ખાસ તકેદારી રાખી સિલેક્ટ કરવાની રહેશે. પ્રશ્નપત્રોની ગુજરાતી અને અંગ્રેજી ભાષાની નકલો ફક્ત એ મુજબ જ મોકલવામાં આવશે.** (જે અભ્યાસક્રમો/વિષયોમાં માત્ર એક ભાષામાં જ પ્રશ્નપત્રો આવતા હોય તેમને આ બાબત લાગુ પડશે નહી.)

(૩) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ લઈ તમામ વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૪) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૫) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૬) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની **ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ *(ઓલ્ડ અને ન્યુ ERP નો અલગ-અલગ)* યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૨૭/૦૧/૨૦૨૫ અથવા તે પહેલા ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી). યુનિવર્સિટી ખાતે ચેકલીસ્ટ અને ફી ની રીસીપ્ટ જમા કરાવવાની નિયત તારીખ બાદ આવેલ ફોર્મના સંદર્ભમાં પ્રતિ વિદ્યાર્થી મુજબ રૂ. ૨૫/- લેટ ફી લાગુ થશે.**

(૭)યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ અને ફી મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રોના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૮) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

- બી.એડ. અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે વિદ્યાર્થી પાસેથી લઈ પોતાની પાસે રાખવાની રહેશે. આ ફી યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની નથી. કોલેજે તેમાંથી વાર્ષિકપાઠના ખર્ચનું આયોજન કરવાનું રહેશે.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.
- વાર્ષિક પાઠની સંભવિત તારીખ ધ્યાને લઇ તે અનુસાર કાર્યવાહી હાથ ધરી લેવી તથા જરૂરી આયોજનો આપની કક્ષાએથી કરી લેવા.
- વિદ્યાર્થીદીઠ ભરવાની થતી રમત-ગમત ફી, સંસ્કૃતિક ફી તથા વિદ્યાર્થી કલ્યાણ ફી આ યુનિવર્સિટીના તા.૨૩/૦૯/૨૦૨૪ ના પરિપત્ર-૩૫૦૯ મુજબ ભરવાની રહેશે. તે માટે બે કોપીમાં અલગ ફોરવર્ડીંગ લેટર અને ફી ભર્યાની પાવતી સાથે રાખવાની રહેશે. ઉપરોક્ત ફી ના ભરેલ કોલેજના પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ જે અંગેની ખાસ નોધ લેવા જણાવવામાં આવે છે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા)

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.